# પ્રસ્તાવના

'સંદેશ'માં પ્રગટ થયેલી આ નવલકથા મૂળ વર્ષો પહેલાં એક ફિલ્મના વિષય તરીકે લખાયેલી.

સ્વ. શફી ઇનામદાર આ વિષય ઉપરથી ફિલ્મ બનાવવા માગતા હતા...

તે જ એમણે 'હમ-દોનોં' નામે ફિલ્મ બનાવી - જેનો પ્રથમ ભાગ મેં લખેલો. તે જ ગાળામાં મેં નાટક લખ્યું અને દિગ્દર્શન કર્યું 'પિતૃદોષ'...

નાટક તો ન ચાલ્યું, પણ વિષય મારા હૃદયની ખૂબ નિકટ રહ્યો.

આ નવલકથાના પ્રતિભાવો નહીં ધારેલા એટલા સારા મળતા રહ્યા. ક્યારેય ન વિચાર્યું હોય એવા વાચકો આ વાંચતા રહ્યા, પત્રો પાઠવતા રહ્યા, એસ.એમ. એસ. તથા ફોન કરતા રહ્યા.

'સંદેશ'ના સમગ્ર વાચકવર્ગે મને વારંવાર આ નવલકથાનાં પાત્રો સાથે ઓતપ્રોત થઈને લાગણીના દરિયામાં નવડાવી, તો ક્યારેક મારાં પાત્રોને હું જ અન્યાય કરું છું એમ કહી ધમકાવી.

હિન્દુ - અને મુસલમાન મારે માટે કદી જુદા નહોતા, હોઈ શકે પણ નહીં... રોઝા - નમાજ અને ઇસ્લામ મારી જિંદગીમાં મંદિર, ઉપવાસ અને હિન્દુત્વની લગોલગ રહ્યાં - રહેશે!

ધર્મ હંમેશાં અંગત બાબત છે, રહેવી જોઈએ. 'સ્વધર્મ' જેટલો સાચો અને પ્રસ્તુત શબ્દ મને બીજો કોઈ જડ્યો નથી!

સિકંદર અને શૈલરાજ કદાચ ત્યાંથી જ ઊતરી આવ્યા છે.

ગુજરાત એક છે, અને એક રહે એટલી જ પ્રાર્થના -

એ જ દુઆ.


કાજલ ઓઝા વૈદ્ય

*૩૦૧-૨, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૫૧.*
*ફોન : ૯૯૦ ૯૯૦ ૪૧૭૫*

મુંબઈના પાલી હિલના ઉતાર-ચઢાવવાળા રસ્તાઓ ઉપર કેટલાય ફિલ્મસ્ટારના બંગલાઓ આવેલા છે. દિલીપકુમાર, સુનીલ દત્ત, ગુલઝાર જેવાં કેટલાંય મોટાં નામો આ વિસ્તારમાં રહે છે. કોઈ એક જમાનામાં મીનાકુમારી અને કમાલ અમરોહી જેવાં નામોનાં મકાન પણ અહીં જ હતાં.

પાલી હિલના આ રસ્તાઓએ એવી ગાડીઓનાં ટાયર પોતાની ઉપર ફરતાં અનુભવ્યાં છે, જે ગાડીઓની પાછળ ફૅન ગાંડા થઈને દોડતા...

આજે તો ફિલ્મસ્ટારને રહેવાનો વિસ્તાર જુહુ અથવા જે.વી.પી.ડી. સ્કીમ ગણાતો થઈ ગયો છે, પરંતુ કોઈ એક જમાનામાં રાજેશ ખન્ના જેવો સુપરસ્ટાર પણ બાંદરાના વિસ્તારમાં વસતો હતો, રેખા અને શાહરુખ ખાનના બંગલા આજે પણ બાંદરા વિસ્તારમાં છે.

પાલી હિલના એ જ ઐતિહાસિક રસ્તાઓ ઉપરથી પસાર થતાં મીનાકુમારી અને કમાલ અમરોહીના જૂના મકાન 'રેમ્બ્રાં'થી આગળ જઈએ તો લગભગ ચારેક બંગલા છોડીને આજના નરગિસ દત્ત રોડ ઉપર એક બ્રિટિશ બાંધણીનો બંગલો દેખાય. ચાર પિલર પર બનાવાયેલા આર્ચવાળા પૉર્ચ પછી પાંચેક પગથિયાં ચડીને વરંડામાં દાખલ થવાય. વરંડામાં કમ્મર જેટલી પાળીથી બનાવાયેલી બંગલાની ચારે તરફ જાણે પૅસેજ હોય એવી ઓસરીને થાંભલાઓ ઉપર ગોળ આર્ચવાળાં મોટાં મોટાં સ્થાપત્યથી બાંધી લેવાઈ હતી. એ ઓસરી કે વરંડામાં ઘરના ચાર મુખ્ય દરવાજા ખૂલતા હતા. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ ચારે તરફથી ઘરમાં દાખલ થઈ શકાય એવી ટિપિકલ બ્રિટિશ બાંધણી સાથે બંગલાની આસપાસ લૅન્ડસ્કેપિંગ કરીને બનાવાયેલો સુંદર બગીચો હતો.

બગીચાની કંપાઉન્ડ વૉલ મોટાં મોટાં વૃક્ષોથી એવી રીતે ઢંકાઈ હતી કે માણસને બંગલાની અંદર જોવું હોય તો કંપાઉન્ડ વૉલની ઉપર ચડીને ઝાડની વચ્ચેથી જોવું પડે...

પાલી હિલના મુખ્ય રસ્તા પર પડતો બંગલાનો ગેટ કાળા રંગે રંગાયેલો હતો. લગભગ આઠ ફૂટ ઊંચો ગેટ લોખંડના સળિયા અને ભાલાઓથી બનાવાયો હતો.

ગેટ ઉપર બે દરવાજા ભેગા થાય ત્યારે મોટો સૂરજનો આકાર બનતો.

ગેટ જે થાંભલાઓ સાથે જોડાયેલો હતો એમાંના જમણી તરફના થાંભલા ઉપર માર્બલની પ્લેટ લગાડેલી હતી, જેના પર સોનેરી અક્ષરે 'શક્તિ પૅલેસ' લખેલું લગભગ ૨૦ ફૂટ દૂરથી વાંચી શકાતું.

મુંબઈ જેવા શહેરમાં આવી જમીન અને આવો બંગલો કોઈનું પણ ધ્યાન ખેંચે એવાં હતાં. જ્યાં બિલ્ટઅપ, સુપર બિલ્ટઅપ અને કાર્પેટ જેવા શબ્દો સ્ક્વેર ફૂટમાં મપાતા હોય એવા શહેરમાં આવો વૈભવી બંગલો કોનો હશે એવો સહેજે વિચાર આવી જાય એ સ્વાભાવિક છે.

ગેટ ખૂલે અને લગભગ પચીસ મીટરનો ડ્રાઇવ-વે પસાર કરીને જો પૉર્ચમાં પહોંચીએ તો પગથિયાં પર કાર્પેટ જોઈને એવું સમજી જ શકાય કે આ કોઈ રાજઘરાનાનો બંગલો છે. વરંડામાં દાખલ થઈએ ત્યાં ગોઠવાયેલી સિંહાસન જેવી ખુરશીઓ પર નજર પડે તો સૌરાષ્ટ્રની કલાકારીગીરી અછતી ન રહે, ખુરશી ઉપર ટેપેસ્ટ્રી તરીકે વપરાયેલુ જામનગરનું અતલસ જોઈને અહીં કોઈ સૌરાષ્ટ્રની સુગંધ ધરાવતો માણસ રહેતો હશે એ ધારવું અઘરું નહોતું.

આટલા વૈભવી અને વિશાળ ઘરમાં રહેનારા માણસની સહેજે ઈર્ષા થાય એવું હતું. મુંબઈ શહેરમાં આવી કરોડો રૂપિયાની મિલકત ધરાવનારો માણસ કેટલો સુખી અને નસીબદાર હશે એવો વિચાર લોકલ ટ્રેનમાં નોકરી કરવા દોડતા મુંબઈગરાને આવ્યા વિના ન રહે એ સ્વાભાવિક હતું...

માત્ર એક વાત આ ઘરમાં ઊડીને આંખે વળગે એવી રીતે ખૂંચતી હતી... એ હતી આ ઘરની સ્મશાન જેવી શાંતિ...

આવડા મોટા વિશાળ અને વૈભવશાળી ઘરમાં માણસોની અવરજવર અને ચહલપહલ હોવી જોઈએ, આનંદની વાતો થવી જોઈએ, સાંજ પડ્યે મહેફિલો ગોઠવાવી જોઈએ એને બદલે જાણે આખાય મકાનને જાણે કોઈ શાપિત આત્માએ ગ્રસી લીધું હોય એમ મકાન તદ્દન ચૂપચાપ અને ઉદાસીમાં ડૂબેલું દેખાતું.

'શક્તિ પૅલેસ' જાણે કોઈને આપવામાં આવેલી કાળા પાણીની સજા હોય એમ એની આસપાસ દિવસના ચોવીસેય કલાક કાળાશનો એક એવો ઓળો લપેટાયેલો રહેતો કે બહારના રસ્તા પરથી પસાર થનાર માણસો સુધી એ ઘરની ઉદાસીની છાલક વાગી જતી જાણે.

એ ઘરની આસપાસ રહેનારા કંઈ કેટલાય પરિવારોમાંથી ભાગ્યે જ કોઈએ ત્યાં અવરજવર જોઈ હતી. આટલો મોટો વેલમેઇન્ટેઇન બગીચો ભાગ્યે જ કોઈ માણસના પગનો સ્પર્શ પામતો...

બસ, સવારે થોડી વાર લગભગ સિત્તેરની ઉંમરના પણ કડેધડે અને ટટ્ટાર એવા એક સજ્જન બગીચામાં ચાલતા દેખાતા... માળી કામ કરતો હોય ત્યારે કદીક ઊભા રહીને એ માળી સાથે એકાદ બે વાક્યોની આપ-લે કરતા, એ સિવાયનો દરેક સમય મકાન, બગીચો, પૉર્ચ અને ઓસરી તદ્દન નિર્જન રહેતાં.

પૉર્ચમાં સતત ઊભી રહેતી સફેદ રંગની ૩૦૦ ડી મર્સિડીઝ ભાગ્યે જ બંગલાની બહાર નીકળતી, છતાંય ડ્રાઇવર રોજ આવતો. ગાડી રોજ સાફ થતી...

'શક્તિ પૅલેસ'ના ત્રણ નોકરો મકાનનો એકએક ખૂણો સતત સ્વચ્છ અને ચમકતો રહે એ પ્રયત્નમાં બાર-બાર કલાકની નોકરી કરતા. જે ડ્રૉઇંગ રૂમમાં ભાગ્યે જ કોઈ બેસતું, એ રૂમમાં ગોઠવાયેલા પાંચસો વર્ષ જૂના ઍન્ટિક પિસીસને ઝાડુ પોછીને ચમકાવતા રહેવામાં એ નોકરોનો આખો દિવસ પૂરો થઈ જતો...

ટૂંકમાં, મકાનને બદલે મ્યુઝિયમ વધારે લાગતું 'શક્તિ પૅલેસ.

સવારે સાડા છથી સાડા સાત જે સજ્જન બગીચામાં આંટા મારતા દેખાતા એ જ સજ્જન સૂરજ ઢળે ત્યારે ઓસરીમાં ગોઠવાયેલા અતલસની ટેપેસ્ટ્રી ચડાવેલા સિંહાસન ઉપર ગોઠવાઈ જતા. એમની સામે જર્મન સિલ્વરનો ઢોળ ચડાવેલી બેલ્જિયમ ગ્લાસની ટ્રોલી મુકાતી, ટ્રોલીમાં વિશ્વનો શ્રેષ્ઠ સ્કોચ, ચાંદીનું આઇસ પૅલેટ અને ચાંદીનાં નાનાં નાનાં બાઉલ્સમાં સલાડ, બાફેલા ચણા અને ખારી સિંગનું મન્ચિંગ ગોઠવાતું.

ચાંદીનો લગભગ બે વેંત મોટો ગ્લાસ એમની સામે ગોઠવાતો, જેમાં એક પછી એક પેગ સ્કોચ ઉડેલાતો અને ધીમેધીમે ઘૂંટ ભરતા એ સજ્જન સૂરજ સાવ આથમી જાય અને મકાનને કાળો અંધકાર ઘેરાઈ વળે ત્યાં સુધી એકલા બેસીને પોતાનું ડ્રિંક લેતા રહેતા.

મોટા ભાગે તો આ સમયે પણ સાવ શાંતિ જ રહેતી. સાંજના સમયે જ્યારે

આ વયોવૃદ્ધ સજ્જન પોતાનું ડ્રિંક લેતા હોય ત્યારે જવલ્લે જ કોઈ વાર શાસ્ત્રીય સંગીતના સૂરો એ બંગલાની બહાર સુધી રેલાતા.

એક ઘૂંટાયેલો દર્દીલો અવાજ આખાય 'શક્તિ પૅલેસ'ને ભરી મૂકતો. સજ્જનની આંખોમાંથી ખારું પાણી ક્યારે ટપકીને એમના ચાંદીના ગ્લાસમાં ભરેલા સ્કોચ સાથે ભળી જતું એની એમને પોતાને પણ ખબર નહોતી રહેતી...

આજે પણ 'શક્તિ પૅલેસ'માંથી એક ઘૂંટાયેલો સ્વર રેલાઈ રહ્યો હતો. 'ઇશ્ક મેં ગૈરતે જબાત ને રોને ના દિયા... વરના ક્યા બાત થી... કિસ બાતને રોને ના દિયા...'

હાથમાં ચાંદીનો ગ્લાસ પકડીને એ સજ્જન દૂર ક્ષિતિજમાં તાકી રહ્યા હતા. એમની આંખો ફરી એક વાર છલકાઈ આવી હતી. બરાબર એ જ વખતે એક ઉંમરલાયક નોકર સફેદ યુનિફૉર્મ પહેરીને એમના સુધી આવ્યો અને અદબથી વાંકા વળીને એણે લગભગ કાનમાં કહેતો હોય એટલું ધીમેથી અને નમ્રતાથી કહ્યું, 'મધુભાઈ ઠક્કર આવ્યા છે.'

'બેસાડો, હું આવું છું.' એ સજ્જને ઝૂકીને ઊભેલા નોકર તરફ જોયું.

કોઈ એક જમાનામાં આ માણસ કોઈ પણ સ્ત્રીનું દિલ ધડકાવી શકે એવો હૅન્ડસમ હશે, એ આજે પણ જણાઈ આવતું હતું. લગભગ છ ફૂટની ઊંચાઈ, પહોળા ખભા, આજે પણ સાવ ફ્લૅટ પેટ અને પથ્થરની શિલા જેવી વિશાળ - છાતી જોઈને એવું સમજી શકાતું હતું કે કોઈ એક જમાનામાં આ માણસનું ફિઝિક ગ્રીક યોદ્ધા જેવું હશે, આ ઉંમરે પણ જે માણસ આટલો આકર્ષક દેખાતો હતો એ એની જુવાનીના દિવસોમાં કોઈ અભિનેતાથી ઓછો નહીં દેખાતો હોય, એવું અત્યારે પણ સમજી શકાતું હતું.

નમણું નાક, મોટી ભાવવાહી આંખો, વિશાળ કપાળ અને આંકડા દીધેલી મૂછો એમના રજવાડીપણાની સાક્ષી પૂરતી હતી. એમણે એક જ ઘૂંટડામાં અડધાથી વધુ ભરેલો ગ્લાસ પૂરો કર્યો, ખાલી ગ્લાસને ટ્રોલી પર મૂકીને નોકર તરફ જોયું. એ હજી ઝૂકીને જ ઊભો હતો. આછા સફેદ વાળ અને મૂછો વગરનો પ્રેમાળ ચહેરો ધરાવતો નોકર માલિકની રગરગથી વાકેફ હશે એવું એની આંખોમાં લખેલું હતું.